Extra No. 277

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] MONDAY, AUGUST 4, 2025 / SRAVANA 13, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

- :: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) મુજબની ::

No: KHD/MAG/e-file/450/2025/2177/MAG BRANCH.-નડિયાદ શાખા નહેરની સાં./૮૪૬૮૦ કયા ફુલ પાસે નડિયાદના અલિન્દ્રા-સુરાશામળ-ચકલાસીને જોડતા માર્ગ પરનો વી.આર.બી. આવેલ છે. હાલમાં સદર બીજ જર્જરીત હોઈ સલામતીના હેતુસર બ્રીજ ઉપરથી મોટા અને ભારે માલવાહક વાહન-વ્યવહાર ઉપર પ્રતિબંધ મુકી સદર ટ્રાફિકને વૈકલ્પિક રસ્તા ઉપર ડાયવર્ટ કરવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, નડીઆદ સિંચાઈ વિભાગ, નડીઆદનાઓએ તા. ૨૧/૦૭/૨૦૨૫ ના પત્ર જા.નં. પીબી/જાહેરનામું/૨૫૫૭/૨૦૨૫ થી અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓ પાસે ઉકત કામે જરૂરી તપાસ કરી અહેવાલ મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓના પત્ર ક્રમાંક:એલઆઈબી/જાહેરનામું/૯૮૩/૨૦૨૫, તા.૨૩/૦૭/૨૦૨૫ થી અભિપ્રાય અત્રે રજૂ કરેલ છે.

સદર બાબતે પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદ મારફતે કરાવેલ તપાસ મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ-A મુજબના જાહેરમાર્ગ ઉપર વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ જણાવ્યા મુજબના વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા અભિપ્રાય આપેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી, નડીઆદ સિંચાઈ વિભાગ, નડીઆદની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ)થી મને મળેલ સત્તાની રૂએ તા.૨૫/૦૭/૨૦૨૫ થી તા.૧૫/૦૬/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) દરમ્યાન સદરહું માર્ગો ઉપર મોટા અને ભારે માલવાહક વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) ભારે વાહન વ્યવહાર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો:-

1) અલીન્દ્રા તા.નડીયાદ થી સુરાશામળ થી ચકલાસી તરફના રોડ ઉપર નડીયાદ શાખા નહેર વી.આર.બી. (સાં.૮૪૬૮૦ ફૂટ) બ્રીજ થઈ પસાર થતા મોટા અને ભારે માલ વાહક વાહનો.

2) ચકલાસી થી સુરાશામળ તરફના રોડ ઉપર નડીયાદ શાખા નહેર વી.આર.બી. (સાં.૮૪૬૮૦ ફૂટ) બ્રીજ થઈ અલીન્દ્રા તરફ જતા મોટા અને ભારે માલ વાહક વાહનો.

(B) ઉપરોકત ભારે વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો:-

1) અલીન્દ્રા તા.નડીયાદ થી સુરાશામળ થી ચકલાસી તરફના રોડ ઉપર નડીયાદ શાખા નહેર વી.આર. બી. (સાં.૮૪૬૮૦.ફૂટ) બ્રીજ થઈ પસાર થતા મોટા અને ભારે માલ વાહક વાહનો.

- અલીન્દ્રા, તા.નડીયાદ થી ડાકોર રોડ ઉપર વણસોલ પાટીયા થી વણસોલ ગામ, નડીયાદ શાખા નહેર વી.આર.બી. (સાં.૭૦૦૫૬ ફૂટ) બ્રીજ થઈ સોલાપુર ચોકડી થઈ ચકલાસી તરફ જઈ શકાશે.

2) ચકલાસી થી સુરાશામળ તરફના રોડ ઉપર નડીયાદ શાખા નહેર વી.આર.બી. (સાં.૮૪૬૮૦ ફૂટ) બ્રીજ થઈ અલીન્દ્રા તરફ જતા, મોટા અને ભારે માલ વાહક વાહનો.

- ચકલાસી થી સોલાપુર ચોકડી થઈ નડીયાદ શાખા નહેર વી.આર.બી. (સી.૭૦૦૫૬ ફૂટ) બીજ થઈ વણસોલ ગામ, વણસોલ પાટીયા, ડાકોર-નડીયાદ રોડ થઈ અલીન્દ્રા તરફ જઈ શકાશે.

શિક્ષા:- આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા કાર્યપાલક ઈજનેરશ્રી, નડીઆદ સિંચાઈ વિભાગ, નડીઆદ દ્વારા સ્થાનિક પોલીસ સાથે સંકલનમાં રહી કરવાની રહેશે તેમજ રોડ બંધ છે તેવા બોર્ડ જે-તે સ્થળોએ મુકવાના રહેશે.

ખેડા-નડીઆદ, તા.૨૫/૦૭/૨૦૨૫.

જે. બી. દેસાઇ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડીયાદ.

હુકમ

: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) મુજબનો ::

No: KHD/LND/e-file/450/2025/2243/MAG BRANCH.-અમદાવાદ-ગોધરા હાઈવે Section from km 4.200 to km 122.420 ને. હા.નં.૪૭ (જૂનો નં.૫૯) પર વાત્રક નદી (Km 26+857, LHS) ઉપર આવેલ બ્રીજની તપાસણી બાદ નાગરીકોની સલામતી અને સુરક્ષાને ધ્યાને રાખી ભારે વાહનો માટે બંધ કરી સદર બ્રીજ ઉપર થી પસાર થતા ભારે વાહનોના અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા તથા ટ્રાફિકને વૈકલ્પિક માર્ગ ઉપર ડાઈવર્ટ કરતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પ્રોજેકટ ડાયરેકટરશ્રી, NHAI, અમદાવાદનાઓએ તેઓના તા.૧૮/૦૭/૨૦૨૫ ના પત્ર થી અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓ પાસે ઉકત કામે જરૂરી તપાસ કરી અહેવાલ મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓના પત્ર ક્રમાંક:એલઆઈબી / જાહેરનામું / અ-ગો / ૧૦૦૦ / ૨૦૨૫, તા.૨૮/૦૭/૨૦૨૫ થી અભિપ્રાય અત્રે રજૂ કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદના અભિપ્રાય મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ-A મુજબના જાહેરમાર્ગ ઉપર વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ જણાવ્યા મુજબના વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અહેવાલ રજૂ કરેલ છે. પ્રોજેકટ ડાયરેકટરશ્રી, NHAI, અમદાવાદ ની દરખાસ્ત ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ તા.૨૯/૦૭/૨૦૨૫ થી તા.૨૯/૦૧/૨૦૨૬ સુધી નીચેના જાહેર માર્ગ ઉપર ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો:-

- અમદાવાદ થી ઈન્દોર રોડ તરફ હલદરવાસ ચોકડી, વાત્રક નદી જુના રોડ બ્રીજ થઈ કઠલાલ-ગોધરા રોડ તરફ જતા ભારે વાહનો.

(B) ઉપરોકત વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો:-

- અમદાવાદ થી ઈન્દોર રોડ તરફ હલદરવાસ ચોકડી, વાત્રક નદી જુના રોડ બ્રીજની બાજુમાં આવેલ બીજા રોડ બ્રીજ પરથી કઠલાલ-ગોધરા રોડ તરફ જતા ભારે વાહનો પસાર થઈ શકશે.

શિક્ષા:- આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા પ્રોજેકટ ડાયરેકટરશ્રી, NHAI, અમદાવાદ દ્વારા સ્થાનિક પોલીસ સાથે સંકલનમાં રહી કરવાની રહેશે તેમજ રોડ બંધ છે તેવા બોર્ડ જે-તે સ્થળોએ મુકવાના રહેશે.

ખેડા-નડીઆદ, તા.૨૯/૦૭/૨૦૨૫.

જે. બી. દેસાઇ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડીયાદ.

હુકમ

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) મુજબનો ::

No: KHD/MAG/e-file/450/2025/2242/MAG BRANCH નર્મદા યોજના નહેર પેટા વિભાગ નં.૩/૫ ગાંધીનગર હેઠળની ઘોડાસર બ્રાંચ કેનાલ પર આવેલ બ્રીજનું હેલ્થ એસેસમેન્ટ કરતા સદર કેનાલ પરના મોતીપુરા-પિપળિયા રોડ પર આવેલ વી.આર.બી. બ્રીજ (સં.૪૮૩૫ મીટર) અને સરખેજ-બદરપુર રોડ પર આવેલ વી.આર.બી. બ્રીજ (સં.૯૦૩૦ મીટર) જર્જરીત થયેલ જણાઈ આવતા તકેદારીના ભાગરૂપે સદર બ્રીજ ભારે વાહનોની અવર-જવર તા.૩૦/૧૧/૨૦૨૫ સુધી બંધ કરી ટ્રાફિકને અન્ય વૈકલ્પિક માર્ગ ઉપર ડાયવર્ટ કરવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, નર્મદા યોજના નહેર વિભાગ નં.૩, કપડવંજનાઓ તા.૨૨/૦૭/૨૦૨૫ ના પત્ર જા.નં.નયોનવિનં૩/પીબી / ૧૧૭૯/૨૦૨૫ થી અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓ પાસે ઉકત કામે જરૂરી તપાસ કરી અહેવાલ મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓના પત્ર ક્રમાંક:એલઆઈબી/ જાહેરનામું/૯૯૫/૨૦૨૫, તા.૨૬/૦૭/૨૦૨૫ થી અભિપ્રાય અત્રે રજૂ કરેલ છે.

સદર બાબતે પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદ મારફતે કરાવેલ તપાસ મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ-A મુજબના જાહેરમાર્ગ ઉપર વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ જણાવ્યા મુજબના વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા અભિપ્રાય આપેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી, નર્મદા યોજના નહેર વિભાગ નં.૩, કપડવંજની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ)થી મને મળેલ સત્તાની રૂએ તા.૨૯/૦૭/૨૦૨૫ થી તા.૩૦/૧૧/૨૦૨૫ (બંને દિવસો સુધ્ધાંત) દરમ્યાન સદરહું માર્ગો ઉપર ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું,

(A) વાહન વ્યવહાર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો:-

1) મોતીપુરા થી ઘોડાસર કેનાલ વી.આર.બી. બ્રીજ રાં.૪૮૩૫ થઈ પીપળીયા તરફ જતા-આવતા ભારે વાહનો.

2) સરખેજ થી ઘોડાસર કેનાલ વી.આર.બી. બ્રીજ સં.૯૦૩૦ થઈ બદરપુર તરફ જતા-આવતા ભારે વાહનો.

(B) ઉપરોકત વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો:-

1) મોતીપુરા થી ઘોડાસર કેનાલ વી.આર.બી. બ્રીજ સં.૪૮૩૫ થઈ પીપળીયા તરફ જતા-આવતા ભારે વાહનો.

- મોતીપુરા થી અપ્રુજી, રામનગર, બહીયલ, કમાલબંધ વાસણા થઈ પીપળીયા તરફ ભારે વાહનો અવર-જવર કરી શકશે.

2) સરખેજ થી ઘોડાસર કેનાલ વી.આર.બી. બ્રીજ સં.૯૦૩૦ થઈ બદરપુર તરફ જતા-આવતા ભારે વાહનો.

- સરખેજ થી હલરદવાસ ચોકડી. મીરઝાપુર થઈ બદરપુર તરફ ભારે વાહનો અવર-જવર કરી શકશે.

શિક્ષા:- આ હુકમનો ભંગ અથવા ઉલ્લંધન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા કાર્યપાલક ઈજનેરશ્રી, નર્મદા યોજના નહેર વિભાગ નં.૩, કપડવંજ દ્વારા સ્થાનિક પોલીસ સાથે સંકલનમાં રહી કરવાની રહેશે તેમજ રોડ બંધ છે તેવા બોર્ડ જે-તે સ્થળોએ મુકવાના રહેશે.

ખેડા-નડીઆદ, તા.૨૯/૦૭/૨૦૨૫.

જે. બી. દેસાઈ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડીયાદ.

હુકમ

::ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) મુજબનો ::

No: KHD/MAG/e-file/450/2025/2241/MAG BRANCહીરાપુર મહેમદાવાદ રોડ કિ.મી.૧૬/૧૪૦ થી કિ.મી.૩૦/૧૫૦ ચેઈનેજ પર સિધ્ધિ વિનાયક મંદિર પાસેના મહેમદાવાદ ગામ ખાતે વાત્રક નદી પર આવેલ જુના બ્રીજ પર બ્રીજના રીપેરીંગની કામગીરી હાલમાં ચાલુ હોય, જેથી તકેદારીના ભાગરૂપે સદર બ્રીજ તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે ૩ માસ બંધ કરી સદર વાહનોના ટ્રાફિકને અન્ય વૈકલ્પિક માર્ગ ઉપર ડાયવર્ટ કરવો હિતાવહ હોય, જેથી તે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદનાઓ તા.૨૩/૦૭/૨૦૨૫ ના પત્ર જા.નં.સીબી/૧૯૭૩/ ૨૦૨૫ થી અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓ પાસે ઉકત કામે જરૂરી તપાસ કરી અહેવાલ મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓના પત્ર ક્રમાંક: એલઆઈબી/જાહેરનામું/

મહેમદાવાદ/૯૯૬/૨૦૨૫, તા.૨૬/૦૭/૨૦૨૫ થી અભિપ્રાય અત્રે રજૂ કરેલ છે.

સદર બાબતે પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદ મારફતે કરાવેલ તપાસ મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ-A મુજબના જાહેરમાર્ગ ઉપર વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ જણાવ્યા મુજબના વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા અભિપ્રાય આપેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ)થી મને મળેલ સત્તાની રૂએ તા.૨૯/૦૭/૨૦૨૫ થી તા.૨૯/૧૦/૨૦૨૫ (બંને દિવસો સુધ્ધાંત) દરમ્યાન સદરહું માર્ગો ઉપર વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) વાહન વ્યવહાર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો:-

- હીરાપુર થી નૈનપુર ચોકડી, વાત્રક નદી સિધ્ધી વિનાયક મંદિર પાસે આવેલ જુના રોડ બ્રીજ થઈ મહેમદાવાદ તથા ખાત્રજ ચોકડી તરફ આવતો તમામ વાહન વ્યવહાર.

(B) ઉપરોકત વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો:-

- હીરાપુર થી નૈનપુર ચોકડી, વાત્રક નદી સિધ્ધી વિનાયક મંદિર પાસે આવેલ જુના રોડ બ્રીજની બાજુમાં આવેલ નવા રોડ બ્રીજ ઉપર થઈ મહેમદાવાદ તથા ખાત્રજ ચોકડી તરફ વાહનો જઈ શકશે.

શિક્ષા:- આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદ દ્વારા સ્થાનિક પોલીસ સાથે સંકલનમાં રહી કરવાની રહેશે તેમજ રોડ બંધ છે તેવા બોર્ડ જે-તે સ્થળોએ મુકવાના રહેશે.

ખેડા-નડીઆદ, તા.૨૯/૦૭/૨૦૨૫.

જે. બી. દેસાઇ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડીયાદ.

હુકમ

::ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) મુજબનો ::

No: KHD/MAG/e-file/450/2025/2239/MAG BRANCH.-નડીઆદ ડાકોર પાલી રોડ કિ.મી.૮૬/૦ થી ૯૦/૨ ના કિ.મી.૮૮/૨ થી ૮૮/૮ પર આવેલ માઈનોર શેઢી બ્રીજ (ભવન્સ કોલેજ પાસેનો લો-લેવલ પુલ) ની સંયુકત તપાસણી બાદ સદર બ્રીજ પર સલામતીના હેતુસર તકેદારીનાં ભાગરૂપે બ્રીજ ઉપરથી ભારે વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકી સદર ટ્રાફિકને વૈકલ્પિક રસ્તા ઉપર ડાયવર્ટ કરવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદનાઓના તા.૨૩/૦૭/૨૦૨૫ ના પત્ર જા.નં. સીબી/૧૯૭૦/૨૦૨૫ થી અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓ પાસે ઉકત કામે જરૂરી તપાસ કરી અહેવાલ મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓના પત્ર ક્રમાંક:એલઆઈબી/જાહેરનામું/ડાકોર/૯૯૪/૨૦૨૫, તા.૨૬/૦૭/૨૦૨૫ થી અભિપ્રાય અત્રે રજૂ કરેલ છે.

સદર બાબતે પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદ મારફતે કરાવેલ તપાસ મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ-A મુજબના જાહેરમાર્ગ ઉપર વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ જણાવ્યા મુજબના વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અભિપ્રાય આપેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ)થી મને મળેલ સત્તાની રૂએ તા.૨૯/૦૭/૨૦૨૫ થી તા.૨૯/૦૧/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) દરમ્યાન સદરહું માર્ગો ઉપર ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) વાહન વ્યવહાર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો:-

- નડીયાદ થી ઉમરેઠ થઈ ડાકોર ભવન્સ કોલેજ પાસે આવેલ શેઢી નદી લો-લેવલ રોડ બ્રિજ થઈ ડાકોર તરફ જતો ભારે વાહન વ્યવહાર.

(B) ઉપરોકત વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો:-

- સદર બ્રીજની બાજુમાં આવેલ મેજર રોડ બ્રીજ (નડીઆદ-ડાકોર-પાલી રોડ) થઈ ડાકોર તરફ વાહન વ્યવહાર જઈ શકશે.

શિક્ષા:- આ હુકમનો ભંગ અથવા ઉલ્લંધન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદ દ્વારા સ્થાનિક પોલીસ સાથે સંકલનમાં રહી કરવાની રહેશે તેમજ રોડ બંધ છે તેવા બોર્ડ જે-તે સ્થળોએ મુકવાના રહેશે.

ખેડા-નડીઆદ, તા.૨૯/૦૭/૨૦૨૫.

જે. બી. દેસાઈ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડીયાદ.

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.08.29 18:52:38 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara